ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ–દાહોદ

ગુરુવાર ૨ જાન્યુઆરી, ૨૦૨૫

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785



## સંક્ષિપ્ત સમાચાર

### ગોધરાની રતનપુર કાંટડી શાળાના સ્ટુડન્ટ પોલીસ કેડેટોએ યાત્રાધામ પાવાગઢની ફિલ્ડ વિઝિટ કરી

**ગોધરા :** પંચમહાલ જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ (જુનીયર અને સીનીયર) રતનપુર(કાં) માધ્યમિક, પ્રાથમિક શાળા દ્વારા ગત રોજ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક સ્થળોની ફિલ્ડવિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જામા મસ્જિદ,કબુતરો પોઇન્ટ,વન વિરાસત,ધાબા ડુંગરી વગેરે જગ્યાએ મુલાકાત લીધી અને વન વિરાસત,સાંસ્કૃતિક કાર્યક્રમ,કાયદા પ્રેક્ટીકલ,જનરલ નોલેજ માર્ગદર્શન એ.ડી.આઇ.દીપકભાઈ પરમાર, મહિલા પોલીસ કર્મી અર્ચના પટેલ દ્વારા આપવામાં આવ્યું.શૈલેષભાઈ પરમાર,દશરથ પરમાર,બિપિન પરમાર,જીતેન્દ્ર પરમાર, શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ,હર્ષવર્ધનસિંહ પુવાર, ગોકળભાઈ પરમાર,cpo જેનેટબેન મેકવાન, હિતેશભાઈ ભાટીયા, મોહિની પટેલ તેમજ કાંકણપુર પોલીસ સ્ટેશનનાં પીઆઇ કરુણા ડાભીએ શાળામાં બાળકો માટે વિકાસશીલ પ્રવૃત્તિઓ સાથે બાળકોનું અભ્યાસની સાથે ઘડતર ખુબ સરસ રીતે થાય છે તે બદલ શાળા પરિવારને હાર્દીક અભિનંદન પાઠવ્યા હતા.

### પંચમહાલ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર( RACની ગૌણ સેવા પસંદગી મંડળનાં મુખ્ય સચિવ તરીકે નિયુક્તિ

**ગોધરા :** તા.૨૫ મી ડિસેમ્બર બુધવારે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૮૪૦ થી વધુ વન સંરક્ષકોને નિમણુંક પત્રો આપતા સમયે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ભરતીમાં પસંદગી થયેલા ઉમેદવારોએ ગૌણ સેવા પસંદગી મંડળ નાં સચિવ હસમુખ પટેલનું સ્મરણ કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ યુવાનોની આવી પ્રતિક્રિયા સાંભળી મુખ્ય સચિવ રાજકુમારને ખુબ જ હળવાશ થી આપણે ત્યાં સરકારમાં જેટલા પણ હસમુખભાઇ પટેલ હોય તેમને શોધીને ભરતીના કામે લગાડો તેમ જણાવ્યું હતું.જેના અનુસંધાનમાં બીજા જ દિવસે સામાન્ય વહીવટ વિભાગ(GAD) એ વિદાયમાન હસમુખ પટેલનાં સ્થાને ગૌણ સેવા પસંદગી મંડળનાં મુખ્ય સચિવ તરીકે પંચમહાલ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમાની નિયુક્તિ કરવામાં આવી હતી.

### એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી કરવા માંગતા વ્યક્તિઓએ તાલુકા પંચાયતનો સમ્પર્ક કરવો

**ગોધરા :** સમગ્ર રાજ્યમાં અને પંચમહાલ જિલ્લામાં એગ્રીસ્ટેક ડિજિટલ ક્રોપ સર્વે પ્રોજેક્ટ સમગ્ર જિલ્લામાં ખરીફ ૨૦૨૪ માં ખેડૂતોએ વાવેતર કરેલ મગફળી, કપાસ, સોયાબીન, દિવેલા, મગ, તુવેર, અડદ, તલ, મરચા, મકાઈ, ડાંગર, શાકભાજી, ઘાસચારાના પાકો, બાગાયતી પાકોનું ડિજિટલ ક્રોપ સર્વે ઓનલાઈન મારફતે ૨૬૨૪૬૬ સર્વે નંબર માં ખેડૂતોએ વાવેતર કરેલ પાકોનું સર્વે કરવામાં આવ્યું હતું.રવિ સીઝન ૨૦૨૪-૨૫ માં પણ ખેડૂતોએ વાવેતર કરેલ પાકો જેવા કે ઘઉં, ચણા, મકાઈ, ડુંગળી, લસણ, શાકભાજી, ઘાસચારાના પાકો, બાગાયતી પાકોનો ડિજિટલ ક્રોપ સર્વે એપ્લિકેશન મારફતે આગામી તા.૩૧.૧.૨૦૨૫ સુધી ખેડૂતોએ વાવેતર કરેલ રવિ પાકોનો સર્વે કરવાનો થાય છે. તે માટે ગામના વ્યક્તિ (સર્વેયર) જે ટેકનિકલ મોબાઇલ એપનો જાણકાર હોય અને ફિલ્ડમાં જઈ શકે તેવા વ્યક્તિને જે તે ગામના વ્યક્તિ (સર્વેયર)ને એક સર્વે નંબરનો સફળ સર્વે કરવા બદલ રૂપિયા ૧૦ મહેનતાણું આપવામાં આવશે.

### લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્ર પ્રા.શાળાનો વિદ્યાર્થી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ઝળક્યો

**લીમખેડા :** લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રમાં આવેલી માલકા ફળિયા વર્ગ અગારા(ઉ) પ્રાથમિક શાળાના ધોરણ - 5 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ક્રિષ્નાભાઈ સંજયભાઈ તડવીએ વર્ષ - 2024 માં ગાયત્રી પરિવાર દાહોદ દ્વારા લેવાયેલી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં 88 ટકા ગુણ સાથે ઉતીર્ણ થઈ,સમગ્ર લીમખેડા તાલુકામાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી સમગ્ર તાલુકામાં પોતાની શાળાનું નામ રોશન કરવા બદલ વિદ્યાર્થીને શાળા પરિવાર તરફથી,સી. આર.સી.કો.ઓર્ડીનેટર. જશુભાઈ બામણીયા તથા પગાર કેન્દ્ર તરફથી ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### ગોધરા તાલુકાના પેન્શનર મંડળની મળેલી મીટીંગમાં પેન્શનરોનાં વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી

**ગોધરા :** ગોધરા તાલુકા પેન્શનર મંડળની મિટિંગ ગોધરા ખાતે જિલ્લા પંચાયત નાં બી.આર.સી.ભવનમાં મંડળના પ્રમુખ ફતેહસિંહ બારીયા અધ્યક્ષપણા હેઠળ મળી હતી.જેમાં પંચમહાલ જિલ્લાના પ્રમુખ પ્રભાતસિંહ ચૌહાણ તેમજ ગુજરાત સ્ટેટ પેન્શનર ફેડરેશન વડોદરા નાં ટ્રસ્ટી રતનસિંહ ચૌહાણ તથા સ્ટેટ બેંકના મેનેજર તેમજ દરેક તાલુકાના પ્રમુખ, મંત્રીઓ અને પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.જેમાં બેંક મેનેજર દ્વારા પેન્શનરો ને લગતા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કોર્ટમાં ચાલતા વિવિધ માંગણીઓ સંદર્ભેનાં કેસ સબંધિત ચર્ચા પણ આ મિટિંગમાં કરવામાં આવી હતી. મહામંત્રી અબ્દુલ મુનાફ શેખ દ્વારા પ્રોસિંડીગનું વાંચન કરવામાં આવ્યું હતું.

### કાલોલ તાલુકાની કંડાચ શાળાનુ મકાન જર્જરિત હાલતમાં, નવીન બાંધકામની માંગ

**કાલોલ :** આજરોજ હાલમાં જ નિયુક્ત થયેલ કાલોલ તાલુકા ભાજપ મંડલ પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ દ્વારા પોતાના વતન ની માતૃશાળા કંડાચ પ્રાથમિક શાળા ની મુલાકાત લેવામાં આવી. શાળા ના આચાર્ય તેમજ શાળા ના આ.શિક્ષક અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કાલોલ ના અધ્યક્ષ વિનોદકુમાર અમીન દ્વારા એમનું સ્વાગત કરવામાં આવ્યું તથા શાળા ને હાલ માં પોતાનું મકાન ન હોઈ જૂનું મકાન જર્જરિત થયેલ હોઈ અને તેને ધ્વંસ કરવાની મંજુર થયેલ હોઈ નવીન મકાનનું બાંધકામ વહેલી તકે શરૂ થાય તેવી રજુઆત કરતા પ્રમુખ દ્વારા વહેલી તકે શાળાના મકાન નું બાંધકામ વહેલી તકે શરૂ કરવાની ખાત્રી આપેલ હતી. કાલોલ તાલુકાના પૂર્વ મંડલ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ ને પણ ટેલિફોનિક જાણ કરતા તેઓએ પણ બાળકો હાલમાં મંદિરના મકાન બેસતા હોઈ શાળાનું બિલ્ડીંગ વહેલી તકે બાંધકામ શરૂ કરવાની પૂરેપૂરી ખાત્રી આપતા શાળા પરિવાર ખૂબ આભર વ્યક્ત કરેલ હતો.

### વેજલપુર વિભાગિય ખડાયતા પરિષદનું ગૌરવ

ગોધરા : અખિલ ભારતીય ખડાયતા પરિષદની બેઠક ગત રોજ મોડાસામાં યોજાઈ હતી.જેમાં સમગ્ર દેશમાંથી ખડાયતા જ્ઞાતિના ઉત્કર્ષ માટે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.જેમાં અનેકવિધ પ્રવૃત્તિઓ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને ૨૧ ખડાયતા પરિષદના પ્રમુખ તરીકે બિપીનભાઈ એમ. શાહ, નડિયાદની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી અને તેમાં વિવિધ હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી હતી.જેમાં વેજલપુર વિભાગિય ખડાયતા પરિષદ અને ખડાયતા સમાજ ગોધરાના પ્રમુખ અલ્પેશભાઈ કોઠારીની મંત્રી તરીકે વરણી કરવામાં આવતા સમાજના આગેવાનો દ્વારા અલ્પેશભાઈ કોઠારીને ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

---

**31 ડિસેમ્બરની ઉજવણીના ભાગરૂપે પોલીસે દાહોદ જિલ્લામાં તમામ સ્થળોએ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો**

# નશામાં ધુત 200 લોકોની પોલીસે અટકાયત કરી

**રાત્રીના બારના ટકોરે લોકોએ ૨૦૨૫ વર્ષને વેલકમ કરી ફટાકડા ફોડી તેમજ ડીજેના તાલે ઝુમી વધાવી લીધું**






(પ્રતિનિધી) 456, તા.29 ભારે ઉતાર ચઢાવવાળા રહેલા વર્ષ ૨૦૨૪ ને વિદાય આપવા તેમજ આવી રહેલા નવા વર્ષ ૨૦૨૫ને વધાવવા માટે દાહોદવાસીઓએ થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની મોડી રાત સુધી કડકડતી ઠંડીમાં ધામધૂમથી ઉજવણી કરી હતી. અને રાતના બારના ટકોરે ચિચિયારીઓ સાથે ફટાકડા ફોડી હેપ્પી ન્યુ યરના ગગન ભેદી નાદ સાથે નવા વર્ષને આવકાર્યું હતું.શહેર-જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે યુવા વર્ગમાં ભારે થનગનાટ જોતા શહેરજિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે પોલીસ તંત્ર મોડી સાંજથી જ તૈનાત થયું હતું. દરમિયાન રાત્રે બાર વાગ્યા બાદ પોલીસે ભેગા થયેલા લોકોને વીખેરવાની શરૂઆત કરી હતી. શહેરમાં વિવિધ હોટલો, રેસ્ટોરાં, પાર્ટી પ્લોટ તેમજ ફાર્મ હાઉસમાં પાર્ટીઓનું આયોજન કરાયું હતું. થર્ટી ફર્સ્ટ ની રાત્રે કેટલાક નશાબાજો છાકટા બનીને કાયદાનું ઉલ્લંઘન કરતા હોઈ આ નબીરાઓને ઝડપી પાડવા માટે

#### બારના ટકોરે હેપ્પી ન્યુ યરના મેસેજનો મારો

શહેરના વિવિધ વિસ્તારમાં આવેલા ચર્ચમાં ક્રિશ્ચિયન સમાજ દ્વારા વિશેષ પ્રાર્થનાનું આયોજન કરાયું હતું. જેમાં ભાગ લેવા આવેલા ક્રિશ્ચિયન સમાજના લોકોએ એકબીજાને મળીને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને કેક કટીંગ કરીને મોઢું મીઠું કરાવ્યું હતું. બીજી તરફ રાત્રિના બાર ના ટકોરે નવું વર્ષ ૨૦૨૫ નું આગમન થતાજ સોશિયલ મીડિયા પર મોડી રાતથી પરોઢિયા સુધી હેપ્પી ન્યુ યરની શુભેચ્છા પાઠવતા મેસેજનો ધોધ વહેવા માંડ્યો હતો.

#### રાત્રે બારના ટકોરે શહેરમાં લોકોએ ફટાકડા ફોડ્યા

થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રે દાહોદ શહેરમાં અનેક સ્થળોએ પાર્ટીઓની સાથે ખાણીપીણીની પાર્ટીઓનું પણ આયોજન કરાયું હતું. વીતેલા વર્ષની વિદાય આપી નવા વર્ષને આવકારવા માટે થાનગઢની રહેલા શહેરીજનોએ રાત્રે બાર વાગ્યાના ટકોરે જ ચિચિયારીઓ સાથે નવા વર્ષને આવકાર્યું હતું જ્યારે બારના ટકોરે શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો પર ફટાકડાના ધૂમધડાકા સાથે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.

#### શહેરના તમામ નાકા પર પોલીસની વોચ

થર્ટી ફર્સ્ટની રાત્રે પાર્ટીઓમાં દારૂ અને ડ્રગ્સ ના સેવન ની શંકા હોઈ શહેર પોલીસ દ્વારા આવી પ્રવૃત્તિ ડામવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને પાર્ટીમાં દારૂ ડ્રગ્સની ડીલીવરી ના થાય તે માટે મોડી સાંજથી જ વાહન ચેકિંગ સાથે ઠેર ઠેર નાકાબંધી ગોઠવી વાહનો અને વાહન ચાલકોની તપાસ કરવામાં આવી હતી. નવા વર્ષની ઉજવણીમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ના થાય તે માટે શહેર પોલીસ દ્વારા વાહન ચેકિંગ સાથે રાત્રે બ્રેથ એનેલાઇઝર મશીન અને ડ્રગ્સ કીટની મદદથી અનેક શંકાસ્પદોની તપાસ પણ કરવામાં આવી હતી.

---

## શ્રી ગોવિંદ ગુરુ યુનિ.ના ઉપક્રમે ગીત સાહિત્ય વિષે પરિસંવાદ

(પ્રતિનિધી) ગોધરા, તા.1 શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સૌરાષ્ટ્ર સાહિત્ય સભા, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબની પ્રેરણાથી તેમના અધ્યક્ષ સ્થાને અને કુલ સચિવ ડૉ.અનિલભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના સેનેટ હોલમાં તા. 30 ડિસેમ્બર 24ને સવારે 11 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ‘ છેલ્લા પાંચ દાયકાનું ગીત સાહિત્ય : એક મૂલ્યાંકન ‘ વિષે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદઘાટન સમારોહના પ્રારંભે શોધાર્થી ચંદ્રિકા ચૌહાણે પ્રાર્થના પ્રસ્તુત કરી. ત્યાર બાદ મહેમાનઓના હસ્તે દીપ પ્રગટાવવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના એકેડમિક



એડવાઈઝર ડૉ જે એન શાસ્ત્રીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

ત્યાર બાદ કુલપતિએ બીજરૂપે વકતાને, જે એન શાસ્ત્રીએ શ્રી સૌરાષ્ટ્ર સાહિત્ય સભાના પ્રમુખ તરુણ દત્તાણીને તેમજ ગુજરાતીના અધ્યક્ષ ભાવેશ જેઠવાસાહેબે કુલપતિ ડૉ. પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબને સૂતરની આંટી, પુસ્તક અને ખાદીનો રૂમાલ અર્પણ કરી તેમનું અભિવાદન કર્યું હતું.

---

**સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડાડતા પાલિકાતંત્રના માણસો**

## કાલોલના વોર્ડ નં.૬માં પાલિકા કર્મચારી દ્વારા રોડનો કચરો ગટરમાં ઠાલવતા લોકોમાં રોષ

**કચરો** રોડ પર એકત્ર કરી નિકાલ કરવાના બદલે ગટરોમાં ઠલવાતા ગટરો ઉભરાય છે અને ભોગ જનતા બને છે



(પ્રતિનિધી) કાલોલ, તા.1 એક તરફ ગુજરાત અને ભારત દેશમાં આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છતા અભિયાનની હાંકલ કરવામાં આવી રહી છે. ઠેરઠેર સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો માટે લાખોનો ખર્ચ કરીને લોકોને જાગૃત કરવાના પ્રયાસો હાથ ધરાય છે તેવામાં કાલોલમાં પાલિકા કર્મચારીનો કચરાનો ગમે ત્યાં નિકાલ કરતો વીડીયો વાયરલ થતાં અનેક ચર્ચાઓ ઉઠવા પામી છે. જેમાં કાલોલ નગરપાલિકા વોર્ડ નં ૬મા ઓડવાડા પાસે રોડ ઉપરનો કચરો વાળી નજીકમાં આવેલ નીકમા પધરાવતા હોવાનો તથા આ રીતે કચરો નીક મા જતા ગટરો ઉભરાતા ગટરના પાણી રોડ ઉપર આવતા હોવાનો વિડીઓ વાઈરલ થયો છે કાલોલ નગરપાલિકાના કર્મચારી કચરો વાળીને નીક (ગટર)મા ઠાલવતા હોવાથી વારંવાર ગટરો સાફ સફાઈ ને અભાવે ઉભરાઈ જાય છે અને ગંદુ પાણી રોડ ઉપર ફેલાઈ જાય છે. પાલિકાને રજુઆત કરવામાં આવે ત્યારે ગટરો સાફ થાય છે પરંતુ કચરો ગટર મા નાખવાને બદલે એકત્ર કરી યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવે તો આવી સ્થિતિ સર્જાય નહી. પાલિકાના જવાબદાર સત્તાધીશો આ બાબતે કર્મચારીઓને યોગ્ય સુચનાઓ આપે તેવી વાઈરલ વિડિયો ના માધ્યમથી માંગ કરી છે.

---

### સરોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોષણક્ષમ આહાર વિશે સમજ અપાઈ

(પ્રતિનિધી) સંજેલી, તા.1 સંજેલી તાલુકાના સરોરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આર.કે એસ કે તાલીમ અંતર્ગત ત્રણ દિવસની પિયર એજ્યુકેટર તાલીમ યોજાઇ હતી . જેમાં કિશોર કિશોરીઓને એનિમિયા અને સિકલ સેલ એનિમિયા વિશે સમજ તથા આયર્ન ટેબ્લેટ વિશે સમજ આપવામાં આવી હતી. કિશોર કિશોરીઓ માં થતા શારીરિક, માનસિક ફેરફારો, ભાવનાત્મક ફેરફારો વિશે સમજ અપાઈ હતી જેમાં - આયર્ન ટેબ્લેટ ગળાવવામાં આવી .પોષણક્ષમ આહાર વિશે સમજ અપાઈ. વ્યસનમુક્તિ અને વ્યસન થી થતા ગેરફાયદા . ગ્રુપ એક્ટિવિટી પણ કરાવા માં આવી . કુલ 40 કિશોર કિશોરી તથા 10 આશા બહેનો પ્રોગ્રામ માં હાજર રહ્યા હતા . તેમજ સમગ્ર પ્રોગ્રામ માં મેડિકલ ઓફિસર , મે આયુષ મેડિકલ ઓફિસર , RBSK મેડિકલ ઓફિસર તથા સ્ટાફ દ્વારા પ્રોગ્રામ ને સફળ બનાવ્યો હતો.

---

**પંચમહાલ જીલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ઓચિંતી તપાસ**

## ધોંધબાના મુલ્લાકુવા ગામની સરકારી પ્રાથમિક શાળામાં બે ગુલ્લીબાજ શિક્ષકો ઝડપાયા

**શિક્ષકોની** અનિયમિતતા બાબતની જાણ શિક્ષણ વિભાગને કરાઇ

(પ્રતિનિધી) ગોધરા, તા.1 પંચમહાલ જીલ્લામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ પરમાર ધ્વારા ઓચિંતી તપાસ કરવામાં આવતા ધોંધબા તાલુકાના મુલ્લાકુવા ગામની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા બે શિક્ષકોની લાલીયાવાડી સામે આવતા બન્ને શિક્ષકો પાસે શિક્ષણ વિભાગ દ્વારા ખુલાસો માંગવામાં આવ્યો છે. ચેરમેન ધ્વારા ઓચિંતી તપાસ કરવામાં આવતી હોવાને લઈ શિક્ષકોમાં પણ ભારે ફફડાટ ફેલાયો છે.ત્યારે આ બાબતે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પણ આ મામલે યોગ્ય તપાસ કરવામાં આવે તો અનેક ગુલ્લેબાજ શિક્ષકો પકડાવાની શક્યતાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે.પંચમહાલ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા કેટલાક ગુલ્લેબાજ શિક્ષકો પોતાની ફરજ પર સમયસર સ્કૂલે હાજર ન થતા હોવાના કારણે બાળકોના શિક્ષણ કાર્ય પર અસર વર્તાય છે.તેમ છતાંય બેદરકાર શિક્ષકો આ બાબતને ગંભીરતાથી લેતા નથી અને પોતાની મન મરજી મુજબ ફરજ પર પહોંચતા હોય છે.જે બાબતની રજૂઆતો પંચમહાલ શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ પરમારને મળતા તેઓએ ઘોંઘબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં પહોંચીને તપાસ કરતા શિક્ષકોની અનિયમિતતા સામે આવતા જ સમગ્ર બાબતની જાણ શિક્ષણ વિભાગને કરવામાં આવી હતી.

ચેરમેન અરવિંદસિંહ પરમાર સાથે ટેલીફોનીક વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે ઘોઘંબા તાલુકાના મુલ્લાકુવા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ઓચિંતી તપાસ હાથ ધરતા શાળાના બે શિક્ષકોની અનિયમિતતા સામે આવી હતી.જેને લઈને તેઓને ઠપકો પણ આપવામાં આવ્યો હતો.

---

**દાહોદની મામા સાહેબ ફડકે હોસ્ટેલ પુનઃ એકવાર વિવાદમાં**

## હોસ્ટેલના સત્તાધિશો દ્વારા વિદ્યાર્થીઓને મેનુ પ્રમાણે જમવાનુ ન પીરસાતુ હોવાનો આક્ષેપ

**વિદ્યાર્થીઓને** ગરમ પાણીની સાથે સાથે જમવાનું સુવ્યવસ્થિત મળી રહે તેવી માંગ



(પ્રતિનિધી) દાહોદ, તા.1 દાહોદમાં આવેલ મામા સાહેબ ફડકે હોસ્ટેલમાં દાહોદ જિલ્લાની સાથે સાથે આસપાસના જિલ્લાના વિદ્યાર્થીઓ રહે છે. અભ્યાસ માટે આસપાસની કોલેજો તેમજ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આ હોસ્ટેલમાં પરિવારથી દુર રહી રોકોઈ રહ્યાં છે. ત્યારે ભુતકાળમાં આ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને સુવિધાઓ પુરી ન પાડવામાં આવતાં જેતે સમયે પણ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યા હતો અને સંબંધિત તંત્રને આ મામલે લેખિત રજુઆત પણ કરવામાં આવી હતી ત્યારે પુનઃ ફરીવાર આ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓનો આક્રોશ જોવા મળી રહ્યો છે. હાલ જ્યારે શિયાળાનો સમય છે ત્યારે કડકડતી ઠંડીમાં હાલ આ હોસ્ટેલના વિદ્યાર્થીઓ ઠંડા પાણીથી ન્હવા માટે મજબુર બન્યાં છે. ઘણીવાર તો ગરમ પાણી તો ઠીક ઠંડુ પાણીએ ન્હાવા માટે મળતું ન હોવાના આક્ષેપો વિદ્યાર્થીઓ કરી રહ્યાં છે. સાથે સાથે ખાસ ભોજનની સમસ્યા પણ વિદ્યાર્થીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે જેમાં મેન્યુ પ્રમાણે ભોજન આપવામાં આવતું ન હોવાના આક્ષેપો સાથે અઠવાડીયામાં ચાર-પાંચ દિવસ કઢી-ખીચડી અને દાળ-ભાત આપવામાં આવી રહ્યાં છે. ત્યારે બીજી તરફ હોસ્ટેલમાં અસહ્ય ગંદકી તેમજ કચરાને પગલે પણ વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. હોસ્ટેલમાં સાફ સફાઈ પણ રાબેતા મુજબ ન કરવામાં આવતાં ગંદકી વચ્ચે વિદ્યાર્થીઓને રહેવા મજબુર થવું પડે છે. બીજી તરફ પોત પોતાના રૂમની સાફ સફાઈ પણ વિદ્યાર્થીઓ જાતે કરતાં હોવાનું સામે આવ્યું છે. આવી કડકડતી ઠંડીમાં ગરમ પાણીની સુવિધા ન હોવાને કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓ હીટરની મદદથી ગરમ પાણી કરી ન્હાવા મજબુર બન્યાં છે ત્યારે હીટરના કારણે કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોણી ? તે મામલે પણ હોસ્ટેલના વિદ્યાર્થીઓ પ્રશ્નો ઉઠાવી રહ્યાં છે.

---

### શહેરા તાલુકાના તાડવા પાટીયા પાસે તુફાન ગાડીમાં એકાએક આગ ભભૂકી

**સળગતી ગાડીને જોવા લોકટોળા ઉમટી પડ્યા**

(પ્રતિનિધી) 456, તા.29 પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના તાડવા પાટીયા પાસે પસાર થતી એક તુફાન ગાડીમાં આકસ્મિક રીતે આગ લાગતાં અફડાતફડી મચી હતી. આગને લઈ ગાડી ભડભડ સળગી ઉઠી હતી. જો કે ગાડીનો ડ્રાઈવર સમય સુચકતા વાપરીને ગાડીમાંથી ઉતરી જતાં તેનો આબાદ બચાવ થયો હતો.

નવા વર્ષના પ્રારંભે શહેરા તાલુકાના તાડવા પાટીયા પાસે એક તુફાન ગાડી પસાર થઈ રહી હતી. તેમાં કોઈ કારણોસર આગ લાગી હતી. આગમાથી ધુમાડો જોવા મળતા ગાડીનો ચાલક તરત જ ગાડીમાંથી ઉતરી ગયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા ગાડી ભડભડ સળગવા લાગી હતી. જ્યારે આગના બનાવમાં કોઈ જાનહાની થઈ ન હતી. આગ લાગવાને કારણે પસાર થતા લોકટોળા ઉમટી પડ્યા હતા. તુફાન ગાડી અણીયાદથી ગોધરા તરફ જઈ રહી હતી, તે સમયે શોર્ટ સર્કિટના કારણે એન્જીનના ભાગે આગ લાગતા ગાડીમાં આગ લાગી હોવાનું અનુમાન લગાવામા આવી રહ્યું છે.

### ગોધરાના ગઝલકાર કૌશિક પટેલના ગઝલસંગ્રહ”ખુશી” પુસ્તકનું વિમોચન

(પ્રતિનિધી) ગોધરા, તા.1 દેવરાજ વિદ્યાસંકુલ ખાતે આજે એક વિશિષ્ટ કાર્યક્રમ સંપન્ન થયો. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં સી.આર.સી.તરીકે કામ કરતા કૌશિક પટેલ ગુજરાતી ભાષાના જાણીતા ગઝલકાર છે. અને તેઓ ‘પ્રવાસી’ના તખલ્લુશથી ગઝલો લખે છે.વિજ્ઞાન અને વિનયન શાખામાં અનુસ્નાતક થયેલ કવિને ગઝલ ફળી છે.તેમના પ્રથમ ગઝલ સંગ્રહ ‘ખુશી’ પુસ્તકનો વિમોચન સમારંભ યોજાઈ ગયો. કાર્યક્રમમાં અધ્યક્ષ તથા વિમોચક તરીકે પદ્મ પ્રો.ડૉ. પ્રવીણ દરજી ઉપસ્થિત રહ્યા હતા.

### ગોધરા ખાતે વણકર સમાજના વિદ્યાર્થીઓ માટેનો પરીક્ષા માર્ગદર્શન સેમીનાર યોજાયો

**ગોધરા :** તાજેતરમાં જ ગોધરા ખાતે વણકર સમાજના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટેનો પરીક્ષાલક્ષી માર્ગદર્શન સેમીનાર યોજાયો. સમાજના વિદ્યાર્થીઓને પરીક્ષામાં સારું માર્ગદર્શન મળી રહે તે માટેનો એકદિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

અરજદાર તરફે વિ.વ.શ્રી.

**જાહેર નોટીસ**

સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ લીમખેડાની કોર્ટમાં,
કેસ નં.૪૦૮/૨૦૨૪
તા.૧૯/૧૨/૨૦૨૪

**અરજદાર:-** ડાંગી મેહુલભાઈ રતનભાઈ
રહે. દેવધી, તા. લીમખેડા, જી. દાહોદ

વિરુધ્ધ

**સામાવાળા:-** તલાટી કમ મંત્રીશ્રી દેવધી, તા. લીમખેડા, જી. દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમ: ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત

આથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદાર ડાંગી મેહુલભાઈ રતનભાઈના તેમના (૧) બહેન નામે ડાંગી પાયલબેન રતનભાઈનો જન્મ તા.૦૫/૦૬/૨૦૧૩ના રોજ (૨) બહેન નામે ડાંગી લક્ષ્મીબેન રતનભાઈનો જન્મ તા.૧૨/૧૧/૨૦૧૫ના રોજ દેવધી, તા.લીમખેડા,જી.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના બહેનનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી દેવધી, તા. લીમખેડા, જી.દાહોદના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના બહેનના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦(ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ: ૩૧મી માહે ડીસેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

સહી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, લીમખેડા